# તૈયાર છો

## વસન્ત નાયક



ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક છઠ્ઠું

# તૈયાર હો

અને

## બીજાં બાળગીતો

[ કાકાસાહેબના આશીર્વચન સાથે ]

વસન્ત નાયક

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

પ્રકાશક :
**પીતાંબર પટેલ**
મંત્રી : ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ-૯

● વસન્ત નાયક

આવૃત્તિ પહેલી : ૧૯૭૪

પ્રત : ૧૧૦૦

કિંમત રૂા. ૨-૫૦

મુદ્રક :

દાલ

શારદા મુદ્રણાલય, પાનકાર નાકા,
અમદાવાદ-૧




# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## છઠ્ઠું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા બાર હજારનું દાન બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સહભાવ, આદિ ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે એવી આકર્ષક શૈલીમાં લખાયેલી વાર્તાઓ, ચરિત્રો કે કથાકાવ્યો પ્રગટ કરવા માટે આપવામાં આવ્યું છે. શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા શ્રેણીમાં શ્રી વસન્ત નાયકનાં કાવ્યોનો સંગ્રહ **"તૈયાર હો"** પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે.

અમારાં આગળનાં પ્રકાશનોની પેઠે આ પુસ્તિકા પણ સૌને ગમશે એવો વિશ્વાસ છે.

મંત્રીઓ
ગુ. સા. પરિષદ



# ભૂમિકા

ભાઈ પેટલીકરે ઑપરેશન કરાવ્યું હતું. એમની ખબર કાઢવા એક વખત હું ને કાન્તા એમને ઘેર ગયેલાં ત્યારે ભાઈશ્રી પીતાંબરભાઈ પણ ત્યાં હતા.

એ અગાઉ શ્રીમોટાના યોગદાનથી ગુજરાતી સાહિત્ય પરિષદે ચાલુ કરેલી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળામાં શ્રી પીતાંબરભાઈએ પરિષદના મંત્રી તરીકે મારી "ધરતીની મહેક" વાર્તાઓ પ્રગટ કરી હતી. પૂર્વ આફ્રિકા કાયમ માટે છોડી ભારત આવીને વસ્યા પછીનું આ મારું પ્રથમ પ્રકાશન હતું એથી મેં ઘણો આનંદ અનુભવ્યો હતો.

શ્રી પીતાંબરભાઈએ "ધરતીની મહેક"ના અનુસંધાનમાં નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળામાં પ્રગટ કરવા મારાં બાળગીતો માગ્યાં. "તમારી બાળવાર્તાની ચોપડી છપાઈ. હવે બાળગીતો આપો."

શ્રીમોટાના યોજનાદાનથી ગિજુભાઈ સ્મારક યોજનાની શ્રેણીનાં પ્રથમ બે પુષ્પ તરીકે ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા મારી "બહાદુર બાળા" અને "જય જવાન" વાર્તાઓ આ દરમિયાન પ્રગટ થઈ હતી અને ગુજરાતના સૌ પ્રથમ બાળમાસિક "બાલમિત્ર"ના તંત્રી તરીકેની જવાબદારી એ સંસ્થાએ મને સોંપી હતી. આમ ગુજરાતનાં બાળકો આગળ વધુ ને વધુ આવવાની ઠીક ઠીક તક મને મળી હતી.

ઉક્ત ત્રણે ચોપડીઓ વખતે શ્રીમોટાની બાળસાહિત્યની દૃષ્ટિ અને દાન વખતની શરતોથી હું જ્ઞાત બન્યો હતો તેથી શ્રી પીતાંબરભાઈની માગણી સંતોષાય એવાં ગીતો કેટલાં નીકળે છે તે મેં તપાસ્યું. કેટલાંક ગીતો શ્રીમોટાની શરતો પ્રમાણે નીકળ્યાં યે ખરાં. એ ગીતો નાઈરોબી રેડિયો ઉપરથી ને બાળસમારંભોમાં ગવાયેલાં ને તે બાળકોને ઘણાં ગમેલાં યે ખરાં. પણ ચોપડી છપાવવા જેટલાં એ ન હતાં.

શ્રી ઈશ્વરભાઈ સાથેની ચર્ચાવિચારણા દરમિયાન "બાલમિત્ર"માં કેવું સાહિત્ય આજનાં બાળકોને અપાવું જોઈએ તેનું ચિત્ર અમે સ્પષ્ટ કર્યું જ હતું એટલે "બાળમિત્ર"ના એ વાતાવરણે પણ મને પ્રેરણા આપવામાં સહાય કરી. એથી અવારનવાર એવાં ગીતો રચાતાં ગયાં. કેટલાંક તો "બાલમિત્ર"માં પ્રગટ પણ થયાં. અહીં મને જણાવતાં આનંદ થાય છે કે "બાલમિત્ર"માંનાં એ ગીતો કેટલાંક બાલમન્દિરો અને પ્રાથમિક શાળામાં ગવાતાં ને બાળકો દ્વારા હોંશભેર આવકારાતાં મને અનુભવવાનાં મળ્યાં હતાં. કેટલાંક બાળકોના તો પત્રો પણ આનંદ વ્યક્ત કરતા આવ્યા હતા.

આ બધા સુખદ અનુભવ પછી, શ્રી પેટલીકરને ત્યાંની વાતચીતને ખાસ્સાં દોઢ–બે વર્ષ વહી ગયા પછી, મારાં ગીતોનો સંગ્રહ ફરીથી જોતાં નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા માટે પચીસછવ્વીસ ગીતો તારવી શકાયાં. આથી મને ઘણો આનંદ થયો અને એ ગીતો પછી શ્રી પીતાંબરભાઈને મેં મોકલી આપ્યાં.

આ ગીતો ગુજરાતી સાહિત્ય પરિષદની ચકાસણીમાંથી ચળાયાં ને પસંદ કરાયાં. પરિણામે આજે એ "**તૈયાર હો**"ના નામે પુસ્તકાકારે પ્રગટ થાય છે. કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ એનું મૂલ્ય તજ્જ્ઞો ઉપર છોડી મારી "ચાંદાપોળી"ને આવકાર આપતાં આપણા

મહાન કવિ શ્રી ઉમાશંકર જોષીએ જણાવેલું તેમ હું તો આજે આ ગીતો દ્વારા બાળકો સાથે રમવાનું, ખેલવાનું, કૂદવાનું ને ગાવાનું જ પસંદ કરું છું.

અંતમાં મુરબ્બીશ્રી કાકાસાહેબે એઓ ગઈ ગાંધીજયંતી ઉપર અમદાવાદ આવેલા ત્યારે આ ગીતો જોઈ જે આશીર્વચન આપેલા તે માટે અત્યન્ત આભારની લાગણી પ્રગટ કરી ગુજરાતી સાહિત્ય પરિષદનો પણ આભાર માની, બાળકો આ ચોપડીને અવશ્ય આવકારશે એ આશા સાથે વિરમીશ.

ગાંધીજયંતી : ૨-૧૦-૭૪
બી/૪, એમ્બેસી એપાર્ટમેન્ટસ,
આંબાવાડી, અમદાવાદ-૧૫

વસન્ત નાયક

# કાકાસાહેબના આશીર્વચન

કવિતા મારું ક્ષેત્ર નથી. લોકો મને ગદ્યસ્વામી કહે છે. સ્વામી છું કે નહિ એ વાત કોરે મૂકીએ પણ મારું ક્ષેત્ર ગદ્ય જ છે.

બાળકોના જીવનમાં મને રસ છે તેથી જ બાળકાવ્યો અને બાળગીતોમાં પણ હું રસ ધરાવું છું. પણ તેની અંદર રહેલું કાવ્ય માણતાં છતાં તેને વિષે અભિપ્રાય બાંધી શકતો નથી કેમકે બાળકોની અભિરુચિ હું બરાબર સમજી શક્યો નથી.

ભાઈ વસન્ત નાયકની આ ચોપડીનાં ગીતો જો સામાન્ય પ્રજા માટે હોત તો મારો અભિપ્રાય બાંધવામાં હું પ્રયત્ન કરી શકત.

ખરું જોતાં આ બાળગીતો માટે અભિપ્રાય આપવાનો અધિકાર બાળકોનો જ છે. મેં જ્યારે આ ચોપડી વાંચતાં જાણ્યું કે બાળકોને આ ગીતો વાંચવા ગમ્યાં છે ત્યારે મેં નક્કી કર્યું કે 'આ બાળગીતો ઉત્તમોત્તમ છે.'

હું તો કેવળ કેળવણીની દૃષ્ટિએ જ વિચાર કરી શકું અને તેથી કહીશ કે જે ગીતો બાળકોને ગમ્યાં અને કેળવણીકારો જેને માટે વાંધો ઉઠાવતા નથી તેવાં ગીતો બાળકોને પહોંચાડવાં જોઈએ.

આ ન્યાયે પ્રકાશકોને અને સરકારને મારી ભલામણ છે કે ભાઈ વસન્ત નાયકનાં આ ગીતો બાળકોને મળે એવી ગોઠવણ પ્રકાશન ખાતાં અને કેળવણી ખાતાં મારફત કરો. ગીતો અઘરાં નથી અને બાળકોને ગમે છે એટલું જ જોવાનું આપણું કામ.

ગાંધીજયંતી
૨–૧૦–'૭૩


કાકા કાલેલકર

# અનુક્રમ


| | પાનું | | પાનું |
|---|---|---|---|
| ૧ નવા વર્ષનો નિશ્ચય | ૯ | ૧૪ હોમી દઈશું | ૩૪ |
| ૨ તૈયાર હો | ૧૦ | ૧૫ હોળી | ૩૬ |
| ૩ મને ધરતી પુકારે | ૧૨ | ૧૬ ભારતનાં બાલુડાં | ૩૮ |
| ૪ આનંદ–મંગળ | ૧૪ | ૧૭ ઉજ્જવળ જીવતર | ૪૦ |
| ૫ પાકો નિશ્ચય | ૧૬ | ૧૮ એકતાનું પરિણામ | ૪૨ |
| ૬ મારે જોવું છે | ૧૮ | ૧૯ ત્રણ વાંદરાનો બોધ | ૪૫ |
| ૭ જીવનનું મૂલ | ૨૦ | ૨૦ અમર તપો ગાંધી બાપુ | ૪૮ |
| ૮ આગળ ડગ ભર | ૨૨ | ૨૧ નાનો નાવિક | ૫૨ |
| ૯ પ્રભુ ક્યાં ? | ૨૪ | ૨૨ ખરી દિવાળી | ૫૪ |
| ૧૦ કંઈ અર્થ સરે ! | ૨૬ | ૨૩ ગોકળઆઠમે ! | ૫૬ |
| ૧૧ કુદરતનું તારણ | ૨૮ | ૨૪ આકાંક્ષા | ૫૮ |
| ૧૨ બહાદુર બહાર પડે | ૩૦ | ૨૫ રંગ અને ગુણ | ૬૦ |
| ૧૩ ઊંચે ઊંચે આભમાં | ૩૨ | ૨૬ વર્ષાબિંદુ | ૬૨–૬૪ |

# ૧

# નવા વર્ષનો નિશ્ચય



નવલ વર્ષના નવલ પ્રભાતે,
નવલો નિશ્ચય કરશું;
ભારત માના રક્ષણ કાજે,
સૌએ સાથે ધપશું.
એક લાકડી તોડી તૂટતી,
ભેગી તૂટે ન કદીયે;
હિંદુ, મુસ્લિમ, ઈસાઈ સર્વે
કદમ મિલાવી ધસીએ.
નવલ વર્ષના નવલ પ્રભાતે,
વિજયપતાકા ઊડશે;
ભારતભરનાં અમ બાલુડાં,
ફના થઈશું હર્ષે.

## ૨

# તૈયાર હો



તૈયાર હો, હોશિયાર હો,
લલકાર દો સહુ બાળકો;
ફરવા જવા રમવા જવા,
ઊડવા જવા તૈયાર હો :
તૈયાર હો૦

કોઈ ફરે છે પોળમાં,
કોઈ ફરે ભાગોળમાં;
પણ આપણે ફરવા જવું,
વગડા-વને તયાર હો :
તૈયાર હો૦

પંખી રમે છે ઝાડમાં,
ઝરણાં રમે છે પહાડમાં;
પણ આપણે રમવા જવું,
આકાશમાં તૈયાર હો:
તૈયાર હો૦

ઘોડી ઊભી છે વાટમાં,
હોડી નદીના ઘાટમાં;
પણ આપણે ઊડવા જવું,
અવકાશમાં તૈયાર હો:
તૈયાર હો૦

૩

# મને ધરતી પુકારે



નથી હું બાળ નાનો
રહું હું ઘેર શાનો?

જવું સરહદ સીમાડે
મને ધરતી પુકારે.

પડી હાકલ, સૂણી નહિ?
મૂકીને કામ સૌ કંઈ

તજી આરામ ને સુખ
દીપાવા માતની કૂખ.

ખભે બંદૂક ધારી
કદમ આગે બઢાવી


જવું જલદી સીમાડે
મને ધરતી પુકારે.

નથી હું બાબલો કંઈ
નથી હું કાંગલો કંઈ
ધગે રગ સર્વ મારી
શિખામણ સૌ તમારી;
રહો તમને મુબારક
ડગે કંઈ સિંહ બાળક?
જવું સરહદ સીમાડે
મને ધરતી પુકારે.
મળ્યો અણમોલ લહાવો
મરીને જીવવાનો
દળી દુશ્મન દરેકે
બચે નવ કોઈ એકે;
પ્રતિજ્ઞાબદ્ધ છું હું
મુખે પાણી ન મૂકું
જવું જલદી સીમાડે
મને ધરતી પુકારે.

●

૪

# આનંદ–મંગળ



ફૂટી કૂંપળ ચમક્યાં પાન,
ખીલખીલ કરતાં ગાતાં ગાન.
રંગરંગીલાં ખીલ્યાં ફૂલ,
ગુલાબ, ચંપો, જૂઈ, બકુલ.

મહોરે મંજરી આંબાડાળ,
પીપળ પીલપીલ તળાવપાળ.
બાગબગીચે નવલાં નૂર,
ફોરમ ફોરે દૂર સુદૂર.

કલકલ પંખીઓનાં ગીત,
ખલખલ ઝરણાંનું સંગીત.
કળા કરે ને નાચે મોર,
કોકિલનો મીઠો કલશોર.

કોણે કીધો આ શણગાર?
સોહે ધરતી અપરંપાર.
કોનાં વધામણાં આ થાય?
કુદરત કેરો હર્ષ ન માય.

આવે વસન્તરાણી આજ,
તેનાં આ શોભા ને સાજ.
બાળક હરખે ગાયે ગાન,
કૂદે નાચે ભૂલી ભાન.


સંધ્યાના ગુલાબી ગાલ,
ધરતી–ભાલે લાલ ગુલાલ.
પ્રકૃતિનાં સર્વે અંગ,
હળીમળી રેલાવે રંગ.

કહેતો વહેતો મંદ સમીર,
"લડવામાં નવ સાર લગીર.
મળીહળી સૌ રહેતાં જ્યાં,
આનંદમંગળ વસતાં ત્યાં."

●

## ૫

# પાકો નિશ્ચય



મોટા થઈ જનસેવા કરવા
નિશ્ચય મેં કીધો.
વધુ ભણીને વધુ કમાવા
લાલચ સૌને લાગે છે
એ બૂરી લાલચને તજવા
કોઈક વિરલા ફાવે છે:
મોટા થઈ૦

"એવો વિરલો તું બનવાનો?
ખોટો તારો ફાંકો છે."
સાથીદારો ભલે હસે પણ
નિશ્ચય મારો પાકો છે:
મોટા થઈ૦

સર્વલોકનું શુભ જ ઇચ્છી
સદાય દિલથી સહાય કરીશ
નબળાને બળ દેવા માટે
જરૂર જણાતાં ફના થઈશ:
મોટો થઈ૦

દુઃખિયાંની વહારે ધાવાને
રાતદિવસ હું મથ્યા કરીશ
પર કાજે કાયા ખરચીને
મૃત્યુને હું અમર કરીશ:
મોટા થઈ૦

૬

# મારે જોવું છે




મારે ત્યાં જઈ જોવું છે :
ઝરતાં ઝરણાંના હિલ્લોલ
ફૂલની વેલીના હિંડોળ
પંખીનાં ગીત ને કિલ્લોલ.

મારે ત્યાં જઈ જોવું છે:
સાગરને ઘુઘવાવે કોણ?
સરિતાને વહેવાવે કોણ?
વાયુને સુસવાવે કોણ?
મારે ત્યાં જઈ જોવું છે:
વાદળમાં એ ધમકે કોણ?
વીજળીને ચમકાવે કોણ?
રંગે મેઘધનુને કોણ?
મારે ત્યાં જઈ જોવું છે:
પેલા ચાંદાનો ચમકાર
ટમટમ તારાનો ટમકાર
ઝઘમઘ ઉષાનો ઝમકાર.
મારે ત્યાં જઈ જોવું છે:
જ્યાં ના કોઈ ગયેલું હોય
જ્યાં ના કોઈ વસેલું હોય
જ્યાંથી કોઈ જ દૂર ન હોય.

૭

# જીવનનું મૂલ




ખીલખીલ ખીલતાં ફૂલો પાસે
આનંદ–મંગળ લઈએ,
પીલપીલ કરતાં પાનો પાસે
હસતાં રહેવું ગ્રહીએ.
કૂ કૂ કરતા કોકિલ પાસે
મીઠા સૂરો લઈએ,
થનગન કરતા મોરની પાસે
ખુશી---સુખી સૌ ચહીએ.

સારસ પાસે હળીમળીને
સાથી બનવું ચહીએ,
ગાયભેંસ નિજ કાય નીચોવી
દૂધદેતાં, ગુણ ગ્રહીએ.
વેલ અને વૃક્ષોની પાસે
સંપના સદ્દગુણ લઈએ,
તરુની નમતી ડાળો પાસે
સૌને નમવું ગ્રહીએ.
પૃથ્વી પાસે ધીરજના ગુણ
લઈને સેવા કરીએ,
જાત બાળી અજવાળું કરવું
દીવાનો ગુણ લઈએ.
અવગુણથી કદી નહિ અભડાવા
સદા ય સાવધ રહીએ,
ગુણોમાંથી ગુણો લઈને
જીવનનું મૂલ કરીએ.

૮

# આગળ ડગ ભર



આગળ ડગ ભર

આગળ ડગ ભર

પાછળ નવ હઠ

આગળ ડગ ભર :

કંટક કેરી પરવા નવ કર

આઘાતો પર તું આહ ન કર

સંકટ કેરાં સોપાન કરી


ગૌરવ ગિરિ પર
દૃઢ ડગલાં ભર
આગળ૦

કદી ઘોર તિમિર વાદળ છાયે
કદી અડચણની આંધી વાયે
હસતે મુખડે સહુ ઘાવ ઝીલી
વિઘ્નો દળતો
ડગ આગળ ભર :
આગળ૦

આધાર ન અન્ય તણો કદી કર
વિશ્વાસ અટલ ધર નિજબળ પર
અતિ દૂર રહી મંઝિલ તારી
કર દીપ ધરી
ડગ આગળ ભર :
આગળ૦

૯

# પ્રભુ ક્યાં?



પ્રભુ ક્યાં તું હશે?
કહે ક્યાં તું વસે?
કો કહે તું રહે
ઉષા–અંગ મહીં
ફૂલે ગંધ મહીં
પાંખે રંગ મહીં
કહે ક્યાં તું વસે?

કો કહે તું વસે
તારાના તટમાં
સૂર્યના રથમાં
ચન્દ્રના પથમાં
કહે ત્યાં તું વસે ?
કો કહે તું કવે
કોકિલા–કંઠમાં
નદીના જળમાં
વાયુના દળમાં
કહે ત્યાં તું વસે ?

જગ આખું મળે
તને શોધી વળે
તારે પાયે પડે
તોયે તું ન જડે
કહે ક્યાં તું વસે ?

●

# કંઈ અર્થ સરે !




બગલો ઊભો એક પગે ને
નીરખે નીચે આબમાં;
ભગલો ઊભો બેઉ પગે ને,
જુએ ઊંચે આભમાં;
બગલો જરા ન હલતોચલતો,
ઠંડીમાં જપ કરતો'તો;
સ્થિર પાણીમાં આવે મચ્છી,
'આરોગું ઝટ' પઢતો'તો.

ભગલો ઝંડો ઊંચો રાખી,
તડકામાં તપ કરતો'તો;
કપાઈ આવે પતંગ જો તો,
'દોડું પકડું' રટતો'તો;
ભગલો પેટની વેઠને કાજે,
ઠંડીમાં ઠૂંઠવાતો'તો;
પણ ભગલો એક કુદ્દી માટે,
તડકામાંહી તપતો'તો;
દેખી દિલની દાઝ દાખવી,
ડાહ્યાઓ શિખામણ દે;
ભગલો સામે કહેતો તમને,
આમાં કંઈ નવ સમજ પડે.
સુણી કહેતો કવિ એટલું,
ભલે સમજ કંઈ નહિ, ખરે;
દુઃખિયાં કાજે તપે માનવી,
જીવનનો કંઈ અર્થ સરે.

૧૧

# કુદરતનું તારણ



ઉનાળાના દિવસો આવે,
લાય લાય લાગે;
રાહત માટે પંખો લીધો,
ગરમી જરા ન ભાગે.
ઉનાળાની આફત મોટી,
ચારે બાજુ ગરમી;
તડકો લાગે દુશ્મન જેવો,
જપતો નહિ અકરમી!

શિયાળાના દિવસો આવે,
થર થર કાયા કંપે;
પહેર્યાં ઓઢ્યાં ઝાઝાં તો યે,
ઠંડી જરા ન જંપે.

તડકા કેરી સહાય લેતાં,
તરત જ ઠંડી ભાગે;
દુશ્મન તડકો હમણાં કેવો,
વહાલો વહાલો લાગે!

માનવ–મનની વાત જ એવી,
પંપાળે દુઃખ રડતું;
કાબૂ રાખો, હસતે મોંએ,
ભારે પીડા સહતું.

અક્કરમી ને દુશ્મન કીધો,
નબળા મનનું કારણ;
વિપરીત વેળા ધીરજ ધરવી,
કુદરતનું એ તારણ.

●

# બહાદુર બહાર પડે



ડંકો ડમડમ ડમાક વાગે
ભ્રં ભ્રં શંખ ભમે,
ટનન ટનન ટન ઘંટા વાગે,
ઢ્રમ ઢ્રમ ઢોલ ઢમે
ઘર ઘર સાદ પડે
બહાદુર બહાર પડે
ડંકો૦


ધબધબ ધબાંગ પડઘમ ગાજે
રણશિંગું રણુકે,
ધમધમ ધમાંગ ધરતી ધ્રૂજે
નાદ ગગન ધમકે
પગલાં વીર પડે
શૂરવીર બહાર પડે
ડંકો૦

ફરરફર ફરરફર નિશાન ફરકે
ઊંચે આભ અડે
ડાબા જમણી ડાબા જમણી
પડધી સાથે પડે
સૌને શૂર ચડે
કો પાછા ન પડે

જય જય ભારત ધૂન મચે છે
વીરલાં દેશ—ગીતે
છલકાતાં સમદરિયા જેવાં
હૈયાં દેશ—પ્રીતે
શૂરવીર કૂચ કરે
ડર કોનો ન ધરે.

૧૩

# ઊંચે ઊંચે આભમાં



હાં રે મારે
જાવું છે આજ
ઊંચે ઊંચે
પેલા આભમાં.

વાદળાંની ગાડલી ને
વાયરાના ઘોડલા,
રથડાં હંકારી ફરું
ઊંચેરા આભલા :
હાં રે૦


ચમકંતા ચાંદલો ને
ટમકંતા તારલા;
વીણી વીણી છાબ
ભરું રૂપેરી હીરલા:
હાં રે૦

ઉષાનાં રંગરંગી
સોનેરી ઓઢણાં;
ઓઢાડી અવકાશે
બાંધી દઉં તોરણાં:
હાં રે૦

સંધ્યાના લાલપીળા
રંગે ભરું વાડકા;
લાવી દઉં બા કહેશે
આવ મારા લાડકા:
હાં રે૦

૧૪

# હોમી દઈશું



રજતજયંતી સ્વતંત્રતાની
ઉજવીને શું કરવાનું?
દેશહિતે કંઈ જોખમ લેવા
મન હોયે જો ડરવાનું!

ભારત માની જય પોકારી
પોકારી શું કરવાનું?
દેશ કાજ જો ફના થવાને
ડગ ભરતાં મન ડરવાનું!

ધ્વજને ઊંચો ફરકાવીને
સલામ ભરી શું કરવાનું ?
રહે ફરકતો ધ્વજ એ કાજે
મરતાં મન જો ડરવાનું !

રજતજયંતીનિબંધલખી કે
ગીતો રચી શું કરવાનું ?
લખીએ એવું કરવા ટાણે
દિલ હોયે જો ડરવાનું ?

સ્વતંત્રતાની રજતજયંતી
મંગળ નિશ્ચયનો અવસર
"ભારત કાજે જરૂર પડે તો
હોમીશું મોંઘું જીવતર !"


૧૫

# હોળી



હોળી આવી, હોળી આવી
હોળી આવી રે!
રંગ, તરંગ, ઉમંગ, ઉજવતી
હોળી આવી રે!

ગુલાલ લઈ ઘેરૈયા આવ્યા
અંગ–અંગમાં મસ્તી લાવ્યા
ફાગણુ ફાગે ફલાંગ ભરતી
હોળી આવી રે!



લીંબડીએ લીંબોળી લોળે
આંબલિયે મંજરીઓ મોરે
કોકિલ–કંઠે ગાન ગજવતી
હોળી આવી રે !

વસન્ત વનમાં ફોરમ ફોરી
નર, નારી ને છોરો, છોરી
ફાગણ–ગાને ભાન ભુલવતી
હોળી આવી રે !

નેક ટેકની ભરવી ઝોળી
વેર ઝેર ઈર્ષા રગદોળી
અવગુણોની કરવી હોળી
હોળી આવી રે !

૧૬

# ભારતનાં બાલુડાં



કૂકડો કૂકડેકૂક બોલે,
પંખીઓ સૌ આંખ ખોલે,
રાતનું અંધારું ગયું,
અજવાળું અજવાળું થયું.

કલબલકલબલ કરતાં કરતાં,
ગીત મધુરાં ગાતાં ગાતાં;
પંખીઓ સૌ ચણવા જાય,
રાત વીતે ને સવાર થાય.


અંધારાંને ઠેલવવાને,
અજવાળાંને મેળવવાને;
મથીએ સૌએ દિવસરાત,
રચીએ ભારતનું પરભાત.

બાલુડાં અમ ભારત માનાં,
ભલે ગણે સૌ અમને નાનાં;
આફત વેળા નહિ ડરનારાં,
હિંમતથી આગે બઢનારાં.

છડી પુકારી ગીતો બોલી,
પંખી પેઠે આંખો ખોલી;
કરશું એવાં રૂડાં કાજ,
ભારત માતાની રહેશે લાજ.

૧૭

## ઉજ્જવળ જીવતર




ડર્યા વિના સતને આચરશું,
કષ્ટ આવે નહિ ચળશું;
ઇશુ–ગાંધીની પેઠે મરશું,
ઉજ્જવળ જીવતર કરશું.
અંધકારને દૂર હઠાવી,
પ્રકાશ પથ પાથરશું;
હિંમત, સાહસ ને વીરતાથી,
ઉજ્જવળ જીવતર કરશું.
વિપત ટાળવા ધીરજ ખોઈ,
ખોટું કદી ન કરશું;
કદી ન લાલચમાં લલચાશું,
ઉજ્જવળ જીવતર કરશું.

મીઠી–મીઠી વાત ન કરશું,
કદી નવ સત્ય છુપવશું;
ગર્વ નહિ પણ પ્રેમ પાથરી,
ઉજ્જવળ જીવતર કરશું.
નબળું પગલું કદી ન ભરશું,
પંથ લપસણો તજશું;
સંકટને ઘોળી પી જઈશું,
ઉજ્જવળ જીવતર કરશું.
કંટક ઉપર કદમ ભરીને,
આગળ આગળ બઢશું;
મંઝિલે જઈશું કે મરશું,
ઉજ્જવળ જીવતર કરશું.
સમાજ માટે જન્મ્યા જીવ્યા,
માની સહુ કંઈ કરશું;
મૃત્યુની પરવા નહિ કરશું,
ઉજ્જવળ જીવતર કરશું.

●

# એકતાનું પરિણામ



ધખ ધખ ધરતી ધખતી બળતી,
    ગરમી સહી ન જાતી;
નદી-તળાવે નીર સુકાયાં,
    લૂની લહાણી થાતી.
વાદળ ધોળાં કાળાં ભૂરાં,
    ગમે તેમ એ ફરતાં;
ગયાં સંપી સૌ એક થયાં ને,
    અટકી ગયાં રખડતાં.

સૂ સૂ સૂ સૂ વાયુ વાયો,
ગડગડ વાદળ ગાજે;
ચમક ચમક ચમ વીજળી ચમકી,
બદલાયાં રૂપ આજે.

પાણી રેલંછેલ થયું ને,
ધરાઇ ધરતી પૂરી;
લીલીપીળી સાડી ઓઢી,
લહેર ન જરા અધૂરી.

મકાઈ, બાજરી, ઘઉં ને ચોખા,
જુવાર, શાક ને ભાજી;
ભૂ માતાએ ભરી ભરીને,
છાબ ધરી થઇ રાજી.

પશુએ લીલું ઘાસ ચરીને,
સુખે પીધું પાણી;
પંખીઓ કિલકિલ કરી ઊઠયાં,
જીવન-સૌરભ માણી.

વાદળ વરસ્યાં જાત નિચોવી,
પશુપંખી જીવજંતુ;
માનવ, સૌનાં દુઃખ હર્યાં એ,
કાર્ય થયું બળવંતુ.

પાણી પસીનાનું પાડી ને,
પાશું ભારત માને;
પીડાઓ સુખમાં પલટીશું,
શ્રમનાં મીઠાં ગાને.

વાદળ સઘળાં એક થયાં તો,
પામી પોષણ ધરતી;
આપણ સર્વે એક થઈએ,
માના સુખને વરતી.

ધરતી પેઠે ભારત માની,
કાયા પલટી દઈશું;
દુઃખ તાપ નિવારી દઈને,
માની આશિષ લઈશું.

●

૧૯

# ત્રણ વાંદરનો બોધ



ત્રણ વાંદરનો બોધ એ બાપુ!
કેમ વીસરીએ ભક્ત અમે!

બદલી ગયો જમાનો તેથી,
બદલ્યો જરાક સાર અમે!

બૂરું ન બોલો, બૂરું ન દેખો,
બૂરું ન સુણો કહ્યું તમે;

ફોક થયું તમ કહ્યુંકારવ્યું,
નથી માનતા જરા અમે!

ત્રણે વાંદર મળી હળીને,
બદલી મુખડાં ને મનડાં;
ઊલટાસુલટી કરી કરાવી,
ભરતાં ખિસ્સાં ને તનડાં.

પહેલાએ એ વાત બતાવી,
બોલો નહિ ને બોલો તો;
કદી અસત્યને આંચ ન આવે,
મરશો જો સત વદશો તો.

બીજાએ એ વાત બતાવી,
બંધ ચક્ષુ જો ખોલો તો;
જોવું નિજનું પરનું ભૂલી
પસ્તાશો નહિ માનો તો.

ત્રીજાએ એ વાત બતાવી,
બંધ કર્ણ જો ખોલો તો;
સ્વારથની વાતો સાંભળવી,
'પડશો' બીજું સુણશો તો.

નવું સત્ય આ સમજી બાપુ;
કામ ‘અમારાં’ કરીએ છીએ;

જન્મજયંતી તમારી ઉજવી
સઘળું કર્યું સમજીએ છીએ.


બૂરું બોલીને, બૂરું દેખીને,
સુણીને બૂરું જીવીએ છીએ;

એ રીતે બાપુ તમ કામો,
કરીને પાવન થઈએ છીએ!

●

२०

# અમર તપો ગાંધી બાપુ



ગાંધી જન્મ્યા પોરબંદર ને
રાજકોટમાં ભણી ગણી
લંડન ઊપડયા વિશેષ ભણવા
મહેનત કરીને ઘણી ઘણી.

બેરીસ્ટર થઈ કામ મેળવી
દક્ષિણ આફ્રિકા એ ગયા
વકીલાતનો ધંધો કરતાં
લોકોની સેવામાં પડયા.

ભારત આવી લડત ઉપાડી
અસહકારની હાકલ કરી
સૂતર કાંતો, સ્વરાજ અપાવું
કહેવા લાગ્યા ફરી ફરી.

ગરીબ હિન્દની દશા દેખીને
કેવળ લંગોટી પહેરી,
સૌ દુઃખિયાંના બેલી બનીને
બાંહ્ય ઝાલી હરિજન કેરી.

ડગલે ડગલે સત્ય આચરી
સૌને અહિંસા શિખવાડી,
જબરી સત્તા સામે લડવા
હિન્દ–પ્રજાને કરી ખડી.

સશસ્ત્ર મોટી સત્તા સામે
ઓગણ્યાસી યોદ્ધાઓ લઈ,
નીકળ્યા લડવા સાબરમતીથી
દુનિયા આખી અચરજ થઈ.

જુલમોની ઝડીઓ વરસી પણ
બંદૂક તોપો જૂઠી ઠરી,

સત્યાગ્રહનો વિજય થયો ને
ગાંધી–ઇરવિન સંધિ કરી.
રાષ્ટ્રપતાકા ફરફર ફરકી
વિજયનાદના ઘોષ કર્યા,
મહેલ તજીને જેલ ગયેલા
લાખો હિન્દી મુક્ત થયા.
હિન્દુ–મુસ્લિમોના ઝઘડા
સમજાવટથી નવ સુધર્યા,
આમરણાંત અપવાસો કરીને
ભાઈ ભાઈને એક કર્યા.
પરદેશી સત્તાની સામે
જપ્યા વિના એ ખૂબ લડયા
વળી લડયા ને વળી પડયા ને
ખડા થઈને ફરી લડયા.
અંગ્રેજો થાકયા કંટાળ્યા
બાંધી પોટલાં ચાલ્યા ગયા,
પંદરમી ઑગસ્ટ ઊજવવા
લોકો ગાંડાતુર થયા.
પણ ઉજવણી નહિ પતી ત્યાં
તોફાનો ફાટયાં સઘળે,


ઠેર ઠેર દાવાનળ સળગ્યો
ભાઈઓ માંહોમાંહી લડે.
મુસ્લિમોનું રક્ષણ કરવા
રાતદિવસ એ ખૂબ ભમ્યા,
થોડા અણસમજુ હિન્દુઓ
વિરોધ કરવા એક બન્યા.

મનમાં ભારે રોષ ભરીને
એક જુવાને બંદૂક લઈ
ગાંધીજીની છાતી વીંધી
સાનભાન સૌ ભૂલી જઈ.
હાહાકાર મચ્યો દુનિયામાં
રડવા લાગ્યા સૌ લોકો,
વર્ષો ઝૂઝયા ભારત માટે
ભારતીએ જ દીધો ફટકો.

હિન્દે તારણહાર ગુમાવ્યો
વિશ્વે ખોયો સંત અજોડ,
અમર તપો ઓ ગાંધીબાપુ,
પૂરાઓ તમ મનના કોડ.

## ૨૧

# નાનો નાવિક



નાવિક છું હું, નાવિક છું હું,
નાનો છું પણ નબળો છું હું?
રોકો, કેમ રહું હું શાણો,
સાથી મારો દરિયારાણો;
નાવિક૦

નાનો પણ જબરો તરવૈયો,
સાગરખેડુ હું ખેવૈયો;
આંધી ને તુફાન તરૈયો,
તોતિંગ મોજાંનો ખેલૈયો;
નાવિક૦

ઘરમાં શાળામાં નવ ગમતું,
પંખી નાનું કેવું ભમતું!
પળે પળે મનડું ત્યાં રમતું,
સાગર–સહેલે જઈને સમતું;
નાવિક૦

મા! મુજને સફરે જાવા દે,
નાવિકનાં ગીતો ગાવા દે;
દિલ હલેસાં—તાલે તપતું;
'નાવ ઝુકાવું' મનડું જપતું;
નાવિક૦

મધદરિયામાં નાવ લઈને,
મૃત્યુનો ડર દૂર કરીને;
બાહુમાં બળ ભરી ભરીને,
પાર કરું યાહોમ કરીને:
નાવિક૦

૨૨

# ખરી દિવાળી



દિવાળી આવી દિવાળી આવી,
રંગરંગીલી દિવાળી આવી.

ખરી દિવાળી ભારતહૈયે,
નથી હજી ઉલ્લાસી કૈંયે.

એવું કરવા આપણુ સૌએ,
મહેનત કરવી પડશે બહુએ.

નિશ્ચય કરીએ સઘળાં આજ,
પહેલી ભારત માની લાજ.

રાજી થાયે ભારત મૈયા,
ત્યારે સાચા માતના છૈયા.

ભારત ભાલે ઝગે દિવાળી,
ચોગમ ઝગશે ખરી દિવાળી.

રંગગગનમાં ચઢે દિવાળી,
દીપક તેજે મઢે દિવાળી.


ફટાકડા ફટ, હવાઈ છૂટે,
તડતડિયા ને ટોટી તૂટે.

કોઠી, તારા, ફૂલડાં ઝરશે,
નાચી, કૂદી મનડાં ભરશે.

રંગગગનમાં ચઢે દિવાળી
બાળક હૈયે મઢે દિવાળી

૨૩

# ગોકળ આઠમે !



પાણી જેવું દૂધ આવતું
કહાન કહે આ મૈયા,
માખણ એનું કેવું બનતું
નવા ન ખાય કનૈયા !

દૂધને બદલે કોકા-ફેન્ટા
આઈસ્ક્રીમ વલોવો,
બદલી ગયો જમાનો જુઓ
ઠંડો બરફ હલાવો !

કુલફી, લોલીપોપ, જેલી ને
એવું એવું ભાવે,
દૂધ માખણ ઘી શુદ્ધ પડે છે
કેમ સમજમાં ના'વે ?

નકલી ભણતર, નકલી ચણતર
નકલી થયો જમાનો,
નકલી ખાણું, નકલી પીણું
નકલી અમે જુવાનો !


ફોડો ગોરસ, તોડો નેતરાં
સુણો જસોદા માડી,
દૂધ છાસ જુનવાણી પીણું
મૂકો રવૈયો બાળી !



૪

## ૨૪

# આકાંક્ષા



ઝીણી જ્યોત જલાવું
એક જ
ઝીણી જ્યોત જલાવું.
મધરાત્રીનાં
કાળાં ધાબાં
જામે ચોગમ ઘરમાં;
દીવાસળીની
નાની જ્યોતે
ભાગી જાતાં પળમાં;
એક જ૦

બીજનો ચાંદો
નાનો સરખો
પણ જગને અજવાળે;
અમાસની
ઘનઘોર રાતની
કાળીમાને ટાળે;
એક જ૦

એવી ઝીણી
જ્યોત બનીને
જરાક દઉં અજવાળું;
જીવન મારું
સાર્થ થયેલું
માનું અધિક ન માગું;
એક જ૦

૨૫

# રંગ અને ગુણ

કાળા જણને કાળિયો કહીને
ઘણાં ચઢાવે મોઢું;
જીવી શકે શું દુનિયા સારી
જો નહિ હોયે લોઢું.

આંખની કીકી એમની કેવી
ધોળું માથું કેવું?
કાળાં પાંપણભમર ન હોયે
લાગે કોના જેવું?


કોકિલ કેરો રંગ છે કાળો
બોલીએ ઉજિયાળો;
કાળાં વાદળ પાણી લેતાં
મોલ ઝૂલે હરિયાળો.

કોયલા કિંમતી હીરા દેતા
મદદ કેટલી કરતા ?
દેહ બાળે પર કાજે પોતે
સૌને સુખિયાં કરતા.

કાળી શાહી શું શું દેતી
જુઓ ચોપડી ખોલી,
જ્ઞાન વિનાની કેવી જિંદગી
હોત આપણી પોલી.

કાળા જણને કાળિયો કહીને
ભલે ચઢાવે મોઢું;
રંગને બદલે ગુણ મૂલવતાં
મૂલ જણાશે દોઢું.

# વર્ષાબિંદુ



સંધ્યાના પાલવમાં પોઢી
વર્ષાબિંદુ સૂતાં 'તાં;
મંદમંદ વાયે હિંચોળ્યાં
નિંદ મજેથી લેતાં 'તાં.

ધરતી, ભૂખી, તરસી, દુઃખી
ઝાડ પાન ફૂલ ઢળી પડયાં;
નદી તળાવો શોષાયાં ને
પંખી પશુ તરસે તફડયાં.

ખેડૂ સઘળા ઊંચી ડોકે
આતુર આંખે જોતા 'તા;
મેઘ વરસશે, મેઘ વરસશે
આશાએ સૌ બેઠા 'તા.

રાતરાણી જાણે કંઈ બોલી
પૃથ્વી પરની પીડા જુઓ;
હરામ આ આરામ કરો ને
દુઃખીઓનાં આંસુડાં લુઓ.

બિંદુ જાગ્યાં, વાદળ ઝબક્યાં
ગગને મોટો શોર મચ્યો;
પરની પીડા નિવારવાને
બિંદુઓએ ઘાટ રચ્યો.

જાત નિચોવી, જીવન અર્પી
મેઘરૂપે બિંદુ આવ્યાં;
મૃત્યુ નિજનું સફળ કરીને
પૃથ્વી ઉપર ઢળી વળ્યાં.

ઉષા લીલી ઓઢણી ઓઢી
ફરફર ફરફર ફરકાવી;
બિંદુઓનાં બલિદાનની
વિજયપતાકા લહેરાવી.

કિલકિલ પંખી પીલપીલ પાનો
જીવજંતુ પશુ હરખાયાં;
બિંદુઓનાં ગીત ગવાયાં
આનંદમંગળ વરતાયાં.

લીલો મોલ ને લીલી ધરતી
દેખી ખેડૂ—આંખ ઠરી.
ગાંડાતુર બનીને નાચ્યા
વર્ષાએ ખૂબ લહાણુ કરી.

બાળક હર્ષે છબછબ કરતાં
હોંશે વર્ષાગીતો ગાય;
રંગે હિલ્લોલે, કિલ્લોલે
છબછબ બિંદુ જીવતાં થાય.